# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

## CM REVIEW MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં સમીક્ષા બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે, શ્રી પટેલે કૃષિ, નાણા, માર્ગ અને મકાન, રમતગમત તથા ગૃહ વિભાગ સાથે બેઠક યોજી વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી. બેઠકમાં કૃષિમંત્રી રાઘવજી પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, નાણા મંત્રી કનુ દેસાઈ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

## ADI KARMYOGI ABHIYAN

આદિજાતિ વિકાસ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે 'આદિ કર્મયોગી અભિયાન'ને ગાંધીનગરમાં દેશનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન ગણાવ્યું. તેમણે કહ્યું રાજ્યના 15 આદિવાસી જિલ્લા, 94 તાલુકા અને ચાર હજાર 245 ગામડાઓમાં આ અભિયાન ચલાવાશે. કાર્યક્રમ અંતર્ગત 20 લાખ ચેન્જ લિડર કેડર તૈયાર કરવા પર ભાર અપાઈ રહ્યો છે. આ લિડર્સ આદિવાસી લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજીને તેના નિરાકરણ માટે કામ કરશે.

અભિયાનનો ઉદ્દેશ "ભારતના આદિવાસી પ્રદેશમાં બહુ-સ્તરીય ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકાસ દ્વારા લોક-કેન્દ્રિત શાસન પ્રણાલિ તથા

પ્રતિભાવશાળી શાસન વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવાનો હોવાનું પણ શ્રી ડિંડોરે ઉંમેર્યું.

. . . . . . . . . . .

# MEHSANA NEW BUS

વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં આજે મહેસાણામાં એસ.ટી. વિભાગની 70 જેટલી બસનું લોકાર્પણ કરાશે. જિલ્લાના પોલીસ પરેડ મેદાન ખાતે યોજાનારા ભાદરવી પૂનમ માટે બસ સંચાલનના શુભારંભ કાર્યક્રમમાં 54 જેટલી મિની બસ, 11 મોટી બસ અને પાંચ વૉલ્વો બસનો આજે આરંભ થશે

. . . . . . . . . . .

# RRU SURAKSHA TALIM

દેશના અવકાશ ક્ષેત્રે સાયબર સ્થિતિ-સ્થાપકતા વધારવા વૈજ્ઞાનિકો અને ઇજનેરો માટે અમદાવાદમાં વિશેષ સાયબર સુરક્ષા રહેણાક તાલીમ કાર્યક્રમ યોજાયો. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ઇસરો, DOS, N.S.C.S. અને S.I.T.A.I.C.S.ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ઇસરો અને D.O.S.ના વૈજ્ઞાનિકો અને ઇજનેરો ઉપસ્થિત રહ્યા. દરમિયાન સહભાગીઓને ઉભરતા સાયબર જોખમ સામે સંસ્થાના ડિજિટલ માળખાને સુરક્ષિત રાખવા અદ્યતન ક્ષમતાઓ અને આવશ્યક માહિતી અપાઈ.

કાર્યક્રમમાં એક ઉચ્ચ-સ્તરીય પરસ્પર ચર્ચાના સત્રનું પણ આયોજન કરાયું. તેમાં ઇસરોના અધ્યક્ષ ડૉક્ટર વિ. નારાયણન સહિતના મહાનુભાવોએ સાયબર સુરક્ષા, ક્વૉન્ટમ કમ્યુનિકેશનના વિકસતા પ્રકૃતિચિત્ર અને અવકાશ ટૅક્નોલૉજી તથા રાષ્ટ્રીય વિકાસ માટે તેની વ્યૂહાત્મક સુસંગતતા પર પોતાના વિચાર રજૂ કર્યા.

. . . . . . . . . . .

# KISAN SANMAN NIDHI

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો 21-મો હપ્તો મેળવવા ખેડૂત આઇડી ફાર્મર રજીસ્ટ્રી ફરજિયાત કરવામાં આવી છે. જે ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી ન હોય તેમને સત્વરે ખેડૂત I.D.ની નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

રાજ્યમાં બાકી રહી ગયેલા ખેડૂતો સત્વરે નોંધણી કરાવી શકે તે માટે ગ્રામ્યકક્ષાએ ઝૂંબેશ સ્વરૂપે નોંધણી કરવામાં આવી રહી છે. ખેડૂતોએ સત્વરે નોંધણી કરાવવા ગામના તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે.

ઉપરાંત ખેડૂતો જાતે ઘરેથી મૉબાઈલ ઍપ્લિકેશનથી પણ નોંધણી કરી શકે છે. એટલું જ નહીં, સમાન સેવા કેન્દ્ર CSC અથવા ગ્રામ પંચાયતમાં કમ્પ્યૂટર ઑપરેટર મારફતે પણ નોંધણી કરાવી શકાશે.

. . . . . . . . . . .

# BHUJ VAN MAHOTSAV

**ભુજમાં કચ્છ વિશ્વ-વિદ્યાલય સંકુલ ખાતે આજે જિલ્લાકક્ષાનો 76-મો વન મહોત્સવ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ કચ્છના વિસ્તરણ વનવિભાગના વૃક્ષરથનું પ્રસ્થાન કરાવ્યું. આ અંગે સાંસદ વિનોદ ચાવડાએ વધુ માહિતી આપી.**

**(BYTE: VINOD CHAVDA, MP, KACHCHH)**

. . . . . . . . . . .

# MEHSANA DAY

મહેસાણા શહેરનો આજે 667-મો સ્થાપના દિવસ છે. મેસાજી ચાવડાએ મહેસાણા નગરને વસાવ્યું હતું. આજના દિવસે તોરણવાળી માતાજી મંદિર ખાતે યજ્ઞ કરાયો. તેમજ માતાજીની શોભાયાત્રા પણ યોજાઈ. ઉપરાંત વિવિધ કાર્યક્રમ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂર થયેલા પ્રમાણપત્ર લાભાર્થીઓને એનાયત કરાયા. આ પ્રસંગે મહાપાલિકામાં ફરજ બજાવતા આઠ શ્રેષ્ઠ સફાઈકર્મીને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા. આજે રાત્રે લોકડાયરોનું પણ આયોજન કરાયું છે.

. . . . . . . . . . .

# BHAGNAGAR GOLD MEDAL

ભાવનગરની બહેરા-મૂંગા શાળાની દિકરીઓએ રાજ્યમાં યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. સાથે જ તેમને 33 હજાર રૂપિયા જેટલી રોકડ રકમ ઇનામ તરીકે મળી છે. તાજેતરમાં ઑલ ઇન્ડિયા નૅશનલ કાઉન્સિલ ઑફ ધી ડૅફ દ્વારા યોજાયેલી 27-મી નૅશનલ ડૅફ સિનિયર સ્પૉર્ટ્સ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં દિકરીઓએ આ સિદ્ધિ મેળવી છે.

અગાઉ આ સ્પર્ધા કેરળમાં યોજાવાની હતી, પરંતુ કોઈક કારણોસર તે ખેડાના નડિયાદમાં યોજાઈ હતી. સ્પર્ધામાં કેરળ, તમિળનાડુ, કર્ણાટક સહિતના રાજ્યોને ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો.

. . . . . . . . . . .